# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જુનાગઢમાં વિકાસકાર્યો માટે 634 કરોડ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી
2. રાજ્યના શ્રમિકોને બપોરે એકથી ચાર વાગ્યા સુધી કામ ન કરાવવા રાજ્ય સરકારનો આદેશ
3. રાજ્યમાં આગામી સમયમાં 19 ઔદ્યોગિક તાલીમ સંસ્થા- I.T.I. ખાતે ડ્રોન રિમોટ પાઈલટ તાલીમ સંગઠન શરૂ કરાશે
4. રાજ્યમાં આગામી બે દિવસ ગરમીમાંથી આંશિક રાહત મળવાની આગાહી – ભાવનગરમાં કરા સાથે વરસાદ
5. મહેસાણાનાં એન્જલ પટેલે યોગાસનની વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM JUNAGADH JAHERAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જુનાગઢમાં વિકાસકાર્યો માટે 634 કરોડ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી છે. જુનાગઢમાં આજે 94 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ શ્રી પટેલે આ જાહેરાત કરી હતી. પોતાના સંબોધનમાં તેમણે સ્થાનિક ટીમને સંકલન કરીને નવા વિકાસકાર્યોની દરખાસ્ત સરકારને મોકલવા જણાવ્યું હતું. શ્રી પટેલે કહ્યું, રાજ્ય સરકારે આ વખતના અંદાજપત્રમાં પાંચ સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ બનાવવાની જોગવાઈ કરી છે. તેમાં વિસાવદરનો પણ સમાવેશ થાય છે. આ માટે જમીન પણ ફાળવી દેવાઈ છે.

શ્રી પટેલે ઉમેર્યું, તાજેતરમાં જ ધારાસભ્યોના અનુદાનમાં એક કરોડ રૂપિયાનો વધારો કરાયો છે. એટલે ધારાસભ્યોએ હવે અનુદાનમાંથી 50 લાખ રૂપિયા માત્ર પાણીના કામમાં ખર્ચ કરવાનો રહેશે.

**(બાઈટઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)**

. . . . . . . . . . . . .

# RAJYA SARKAR ADESH

રાજ્ય સરકારે ગરમીને ધ્યાનમાં રાખી રાજ્યના શ્રમિકોને બપોરના સમયે કામ ન કરાવવા આદેશ આપ્યો છે. શ્રમ આયોગની કચેરી દ્વારા આ અંગે એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. તેમાં તમામ ઉદ્યોગ, બાંધકામ વિસ્તાર,

મનરેગા વર્કર્સ, ઈંટભઠ્ઠા તથા અન્ય સ્થળે કામ કરતા શ્રમિકોને બપોરે એકથી ચાર વાગ્યા સુધી કામગીરી ન કરાવવા સૂચના આપવામાં આવી છે.

ખૂલ્લી જગ્યા કે જ્યાં સીધો તડકો આવે તેવી જગ્યાએ આગામી જૂન મહિના સુધી આ નિયમનું પાલન કરવાનું રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

## RUSHIKESH PATEL AMDAVAD

ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે યુવાનોને ‘એક દેશ એક ચૂંટણી’ વિષય પર દેશનો અવાજ બનીને આગળ આવવા આહ્વાન કર્યું છે. અમદાવાદમાં આજે લોકજાગૃતિ કેન્દ્ર વિશ્વ-વિદ્યાલય દ્વારા આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતાં શ્રી પટેલે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

તેમણે ‘એક દેશ એક ચૂંટણી’ એ દેશની જરૂરિયાત હોવાનું જણાવતા કહ્યું, એક દેશ એક ચૂંટણીથી દેશના કુલ ઘરેલું ઉત્પાદન- G.D.P.માં વૃદ્ધિ થઈ શકે છે. તેમજ નાણા અને માનવ કલાકની પણ બચત થઈ શકે છે.

. . . . . . . . . . . . .

## ELECTION TRAINING

નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મીડિયાના અધિકારીઓ માટે એક દિવસની તાલીમ સેમિનાર પૂર્ણ થયો. સેમિનારમાં ગુજરાત સહિત 28 રાજ્ય અને

આઠ કેન્દ્રશાસિત પ્રદેશના મીડિયા નોડલ સહિતના અધિકારીઓને કમ્યુનિકેશન એટલે કે, સંવાદના વિવિધ પાસાઓની તાલીમ આપવામાં આવી.

આ ઉપરાંત જરૂરી માહિતીના અસરકારક પ્રચાર-પ્રસાર અને ખોટી તેમજ ભ્રામક માહિતીને ફેલાવતા અટકાવવા જેવા વિષયો અંગે પણ વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તથ્યહિન અને ભ્રામક સમાચારો વચ્ચે મતદારોને સાચી અને આધારભૂત માહિતી મળે તે માટે મીડિયા અધિકારીઓની સક્રિય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

. . . . . . . . . . . . .

# ITI PILOT TRAINING

રાજ્યમાં આગામી સમયમાં 19 ઔદ્યોગિક તાલીમ સંસ્થા- I.T.I. ખાતે ડ્રોન રિમોટ પાઈલટ તાલીમ સંગઠન શરૂ કરાશે. સત્તાવાર યાદી મુજબ, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય- D.G.C.A દ્વારા રિમોટ પાઈલટ તાલીમ સંગઠન લાઈસન્સ મેળવનારી ‘કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટી’ રાજ્યની પ્રથમ વિશ્વ-વિદ્યાલય છે. સાથે જ સ્મૉલ કેટેગરીમાં ડ્રોન બનાવવાનું ‘ટાઈપ સર્ટિફિકેટ’ મેળવનારી પણ આ વિશ્વ-વિદ્યાલય દેશની એક માત્ર સરકારી સંસ્થા બની છે. સાંભળીએ એક અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)**

*(નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય- D.G.C.A. દ્વારા બિલિમોરા અને માંડવી I.T.I. ખાતે રિમોટ પાઈલટ તાલીમ સંસ્થાન- R.P.T.O.ની મંજૂરી આપવામાં આવી છે. કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીના સ્કૂલ ઑફ ડ્રોન્સ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં 100 ડ્રોનનું ઉત્પાદન કરાયું છે.*

*જ્યારે કુલ 504 ઉમેદવારોને ડ્રોન પાઈલટની તાલીમ આપી લાઈસન્સ અપાયા છે. ઉપરાંત ડ્રોન મેન્યુફેક્ચરિંગ અને એસેમ્બલીના અભ્યાસક્રમમાં એક હજારથી વધુ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી છે. હાલમાં આ વિશ્વવિદ્યાલયમાં કાર્યરત્ છ શાળામાં કુલ 110 જેટલા વિવિધ અભ્યાસક્રમ અમલી છે. પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

. . . . . . . . . . . . .

# AAG OVERALL

રાજ્યમાં આજે અમદાવાદ અને સુરત શહેરમાં આગના બે બનાવ સામે આવ્યા છે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે, ખોખરા વિસ્તારમાં આવેલા પરિસ્કર એક ઍપાર્ટમેન્ટમાં ચોથા માળે આગનો બનાવ બન્યો હતો. દરમિયાન અગ્નિશમન દળ અને સ્થાનિકોએ 18 જેટલા લોકોનો જીવ બચાવ્યો. મળતી માહિતી મુજબ, અપાર્ટમૅન્ટના સી બ્લૉકમાં પાંચમા માળે ઇલેક્ટ્રિક ડકમાં આગ લાગતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, વેસુ વિસ્તારમાં આવેલી એક ઈમારતમાં આજે સવારે આગ લાગી હતી. ત્રીજા માળે લાગેલી આગ 11-મા માળ સુધી પ્રસરી હતી. અગ્નિશમન દળની પાંચ ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂમાં લઇ 18 લોકોને બચાવ્યા હતા. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીનું પણ ઘર આ જ ઈમારતમાં હોવાથી તેઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

સદનસીબે આ બંને બનાવમાં કોઈ જાનહાની થઈ નથી.

. . . . . . . . . . . . .

# MEHSANA- ST BUS

મહેસાણાના એસ.ટી. વિભાગ દ્વારા ચૈત્રી પૂનમ મેળા દરમિયાન વધારાની બસોના 530 ફેરાનું આયોજન કરાયું છે. બેચરાજી ખાતે આવતીકાલ સુધી યોજાઈ રહેલા મહામેળામાં યાત્રાળુઓના ધસારાને પહોંચી વળવા આ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે મહેસાણા એસ ટી વિભાગના વિભાગીય નિયામક મુકેશ શુક્લએ માહિતી આપી..

(બાઇટ મુકેશભાઈ ડી શુક્લ : વિભાગીય નિયામક-એસ ટી મહેસાણા)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

………………………………

# SALANGPUR-HANUMAN JANMOTSAV

બોટાદ જિલ્લાના સુપ્રસિદ્ધ સાળંગપુર શ્રીકષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે આવતીકાલે હનુમાન જન્મોત્સવ નિમિત્તે ત્રણથી ચાર લાખ જેટલા શ્રદ્ધાળુઓ પગપાળા આવે તેવો અંદાજ છે. તેને ધ્યાનમાં રાખી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. તે મુજબ, અમદાવાદ-ધંધુકા-બરવાળા તરફથી તથા ભાવનગર-વલ્લભિપુર તરફથી આવતા વાહનોએ બોટાદ તરફ જવા કેરીયાહાળ, લાઠીદડ જ્યોતિગ્રામ સર્કલ તરફથી પસાર થવું પડશે.

જ્યારે બોટાદથી અમદાવાદ તરફ જતા વાહનો માટે બોટાદ, રાણપુર મિલેટ્રી માર્ગથી રાણપુર, ધંધુકા થઈ પસાર થવું પડશે. તો બોટાદથી બરવાળા તરફ જતા વાહનોએ સેથળી-સમઢિયાળા -લાઠીદડ-કેરીયા ઢાળ થઈ પસાર થવું પડશે.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે દિવસ ગરમીમાંથી આંશિક રાહત મળવાની શક્યતા વ્યક્ત કરી છે. ત્યારબાદ તાપમાન ફરી વધી શકે છે. જ્યારે આગામી 15થી 17 એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રમાં મહત્તમ તાપમાન 40થી 44 ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. તેમ હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)**

ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમદાવાદ, કંડલા હવાઈમથક, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને

ગાંધીનગરમાં નોંધાયું છે. જ્યારે બનાસકાંઠાના ડીસામાં 42, વડોદરા અને વલ્લભ વિદ્યાનગરમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

બીજી તરફ ભારે ગરમી વચ્ચે ભાવનગરમાં આજે વરસાદની સાથે કરા પણ પડ્યા હતા. ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે બરફના કરા પડતા લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી.

. . . . . . . . . . . .

# YOGASAN WORLD CHAMPIONSHIP

મલેશિયામાં યોજાયેલી યોગાસનની વર્લ્ડ ચેમ્પિયનશીપમાં, મહેસાણાના કડીનાં એન્જલ પટેલે ભારતનું પ્રતિનિધિત્વ કરી સુવર્ણ ચંદ્રક જીત્યો છે. એન્જલ પટેલે નવથી 11 વર્ષ વિભાગમાં આ સિદ્ધિ મેળવી છે.

જ્યારે ઑસ્ટ્રેલિયાના ખેલાડીએ રજત અને નેપાળના સ્પર્ધકે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં વિશ્વભરના 24 દેશના 200 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# MORBI-DABAN HATAVO ZUMBESH

મોરબી જિલ્લામાં સ્ટેશન રોડ અને સામાકાંઠે રોડ પર કરાયેલા દબાણ દૂર કરાયા. વન વિક વન રોડ -દબાણ હટાવો ઝૂંબેશ અંતર્ગત કરાયેલી આ કામગીરી અંગે મોરબીના મ્યુનિસિપલ કમિશ્નર ડો.સ્વપ્નિલ ખરેએ માહિતી આપી.

(બાઈટ - ડો.સ્વપ્નિલ ખરે, મ્યુનિસિપલ કમિશ્નર)

..............